

શ્રી સદ્‌ગોર બ્રહ્મા પીર શમ્મસની વાચા.

ગોરની બાર કલા.

—:o:—

ફરમાનજી બિસ્મિલ્લા હિરેં હમાં નિરંહીમ.

પેહેલા શુરીજન હાર વખાણેા,
આદે અંતકા ભેદ ને જાણેા. ૧

દુજે દયા ધરમ ને ધરના,
હેત લે સઘલા શાહેાપર ધરના. ૨

જે શાંઈ ઘટેા ઘટ બેાલે,
સાચા મુનિવર ઉસકુ બેાલે. ૩

જીને પાયા વેાહ પૂરા માટી,
ઉતરી ગયા શેા વસ્મી ઘાંટી. ૪

પ્રથમ સ્વામિએ નુર નિપાયા,
ઉસ્કા એકહી બ્રહ્મ બનાયા. ૫
બ્રહ્મ બનાકર ભેદ જો દીના,
વેદે અજ્વાલા ઉસ્કા કીના. ૬
અતિ પવિત્ર વોહ પૂરા કહાવે,
જુગ્ તારણ્ વોહી આવે. ૭
આદ જુગો જુગ બ્રહ્મ પ્રકાશા,
સબ્ ભવનકી પૂરે આશા. ૮
વોહી નુર નબી કહેલાયા,
જંબુદ્વિપમાં ફિર્ ફિર્ આયા. ૯
પંજાબ પ્રકાશી ગુજરખંડ જાવે,
સાચા બ્રહ્મા સોહી કહાવે. ૧૦
બ્રહ્મ રૂપ બ્રહ્મ કલા ધારે,
અનંત કરોડી સોહી નર તારે. ૧૧
છેલ્લે ટાણે કીહેયે બાતાં,
સચ્ કરી માનો મુનિવર ધાતાં. ૧૨
જુગ જુગાંતર રૂપ રૂપાંત્તર,
તિસ્થી મુનિવર મત્ રાખ્ખો અંત્તર. ૧૩

ગોર રૂપ જો પ્રગટ હોવે,
બાર કલાશુ સબ નેનું જોવે. ૧૪

કલાનાંહી વોહ ગોર કયેશા,
માંખણ નાંહાં તો છાછી જયેશા. ૧૫

૧ પહેલી કલા તે નિર્મલ હોઈ,
જયેશા સૂર્ય તમે લેજો જોઇ. ૧૬

૨ દૂજી તેજ નાં લોપે કોઇ,
સાચા બ્રહ્મા તમે જાણો સોઈ. ૧૭

૩ ત્રીજી અનેક અગમ્ રૂપ દિખાવે,
સબૂ જીવુંના સંક્ષે મિટાવે. ૧૮

૪ ચોથી અગમ્કી બાત બતાવે,
શાહા પ્રગટ નેનું દિખાવે. ૧૯

૫ પાંચમી પાઉં પદમ જો હોઇ,
મૃતકૂ જીવતા કરે નર સોઇ. ૨૦

૬ છઠ્ઠી સેત પ્રશેવો નાંહી,
સત્ય સબુરી અતી મન માંહી ૨૧

૭ સાતમી નીંદ પલખજ નાં હોવે,
હિણા ખિણા એક કરી જોવે. ૨૨

૮ આઠમી ભૂમીએ પગલાનાં હોઇ;
આવત્ જાવત્ નવ જાણે કોઇ. ૨૩
૯ નવમી ત્રણ ગુણા તિત્જ હોઇ,
ન્યણે નિર્મલ નુરજ જોઇએ. ૨૪
૧૦ દશમો દશ ભોવન મુખ્માં બતાવે,
જબ્ ઉપજે તબ્ વેદ પઢાવે. ૨૫
૧૧ અગીયારમી અતી બલ હોઇ,
દેવ દાણવ નવ લોપે કોઇ. ૨૬
૧૨ બારમી કલા સબ્કી પૂરે આશા,
બ્રિહ ઇન્દ્રી નહિ તિશ બાશા. ૨૭
ઇત્ની કલા જીસ્માંહીં જાણે,
સોઇ બ્રહ્મા તમે દેખે પીછાણે. ૨૮
ભણે પીર શમ્મસ તમે શુણે જ્ઞાના,
ધરે મુનિવર ઉસ્કા ધ્યાના. ૨૯

સંપુરણ

